# ભક્તિ

## ‘આનંદમય જન્મદિવસ’ માટે
## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પસંદ કરાયેલો એક સદ્‌ગુણ

### સિદ્ધયોગ ધ્યાનશિક્ષિકા લૉરા ડિકિન્સન્ દ્વારા લિખિત વ્યાખ્યા

‘ભક્તિ’ શબ્દ દર્શાવે છે, ગહન આદર અને દિવ્ય આરાધનાનો ભાવ, આંતરિક શ્રદ્ધા તથા બાહ્ય અભ્યાસનો ભાવ.[૧] ‘ભક્તિ’ એક સંસ્કૃત શબ્દ છે. વેદકાલીન સુવિખ્યાત દેવર્ષિ નારદે આ વિષય પર એક સંપૂર્ણ ગ્રંથની રચના કરી છે જેનું નામ છે, ‘નારદ ભક્તિસૂત્ર’. નારદમુનિ ભક્તિનું વર્ણન ‘પરમ પ્રેમ રૂપ’ કહીને કરે છે, જેના દ્વારા તેમનું તાત્પર્ય છે ભગવાન માટેનો પ્રેમ.[૨] જેમજેમ તમે આધ્યાત્મિક માર્ગ પર પ્રગતિ કરતાં રહો છો, તેમતેમ આ પ્રકારનો વિશુદ્ધ પ્રેમ સ્વાભાવિકપણે અને આપોઆપ સ્ફુરવા લાગે છે.

સત્યના દરેક જિજ્ઞાસુમાં આ અંતર્જાત ક્ષમતા હોય છે કે તે પોતાના અંતરમાં વિદ્યમાન ભક્તિના સ્રોત સુધી પહોંચી શકે, કારણકે આધ્યાત્મિક અભ્યાસો કરવાની ઉત્કટ ઇચ્છા થવી એ પણ ભક્તિ જ છે. જ્યારે તમે આધ્યાત્મિક અભ્યાસ કરો છો ત્યારે ભક્તિ એક ભાવરૂપે પ્રગટ થાય છે, જેના ઘણાં રસ અને રૂપ હોઈ શકે છે, જેમકે ગહન શાંતિની એક સ્થિતિ જે અંતરમાં ઉદ્‌ભવે છે; અમૃત જેવી મીઠાશ જે તમારી સત્તાના કણ-કણમાં સમાઈ જાય છે; એક આનંદમય ઊર્જા જે તમારા હૃદયમાંથી પ્રસ્ફુટિત થાય છે.

ભક્તિ પોતાનામાં એક અભ્યાસ પણ છે. તેરમી સદીના મહાન સિદ્ધ-સંત જ્ઞાનેશ્વર મહારાજે ખૂબ જ કાવ્યાત્મક રીતે શ્રીભગવદ્ ગીતા પર ટીકા લખી છે. ભક્તિપૂર્ણ સાધનાના રહસ્યને ઉજાગર કરનારી આ ટીકા એ જિજ્ઞાસુ માટે માર્ગ ખોલી નાખે છે, જેને પોતાની અંદર ભક્તિને પોષિત કરવાની અભિલાષા છે.

જ્ઞાનેશ્વર મહારાજ લખે છે,

*કાં ચૈતન્યાચિયે પોવળી - । માજીં આનંદાચાં રાઉળીં ।*
*ગુરુલિંગા ઢાળી । ધ્યાનામૃત ।।*
*ઉદયિજતાં બોધાર્કા । બુદ્ધીચી ડાલ સાત્ત્વિકા ।*
*ભરોનિ ત્ર્યંબકા । લાખોલી વાહે ।।*

આત્માનંદના મંદિરમાં, (સાધક) પોતાના શ્રીગુરુની મૂર્તિની સ્થાપના કરે છે અને ધ્યાનના અમૃતથી તેનો અભિષેક કરે છે. જ્યારે બ્રહ્મબોધનો સૂર્ય ઉદિત થાય છે, ત્યારે તે તેના બુદ્ધિરૂપી પાત્રને શુદ્ધ ભાવનાં

> પુષ્પોથી ભરી લે છે; અને શુદ્ધ ભાવરૂપી આ જ પુષ્પોને તે તેના ગુરુરૂપી ભગવાન શંકરને (ત્ર્યંબકને) અર્પિત કરે છે.[૩]

આ વ્યાખ્યામાં, સાધક એ બોધમાં સ્થિર થાય છે કે તેનું હૃદય એક મંદિર છે અને ત્યાં પોતાના શ્રીગુરુનું માનસચિત્ર બનાવી, તે તેમના પર ધ્યાન કરે છે. જે અંતર–મૂર્તિનું તે આવાહન કરે છે તેનાથી ભક્તિભાવ જાગ્રત થાય છે. જેમજેમ એ ભક્તિમય પ્રેમ વધતો જાય છે, તેમતેમ સાધક તેને એક પાવન પ્રસાદ સમજીને ફરીથી પોતાના શ્રીગુરુને અર્પિત કરે છે. તે એ બોધ બનાવી રાખે છે કે શ્રીગુરુ જ ભગવાન શંકર (ત્ર્યંબક) છે. જ્યારે સાધક પોતાની અંદર આ માનસચિત્ર બનાવતો જાય છે, ત્યારે તેના અંતરમાં ભક્તિ જાગ્રત થાય છે.

તમે આંતરિકરૂપે, ભગવાનની સૃષ્ટિના એક ભાગ પર તમારું ધ્યાન કેન્દ્રિત કરીને પણ ભક્તિનો અભ્યાસ કરી શકો છો. ઉદાહરણ તરીકે, તમે પ્રકૃતિના કોઈ દૃશ્યની કલ્પના કરી શકો છો જેમકે કોઈ વિશાળ પર્વત, એક ભવ્ય વૃક્ષ અથવા તો એક શાંત સરોવર. આ રૂપાકારોમાં દિવ્યતા નિહિત છે, એ બોધ સાથે જ્યારે તમે તેના તરફ તમારી જાગરૂકતા પાછી લઈ આવો છો તો તમારા હૃદયના અંતરાકાશમાં ભગવાન પ્રત્યે પ્રેમ ઉદિત થઈ શકે છે.

પોતાના પુસ્તક *The Yoga of Discipline*માં ગુરુમાઈજી ભક્તિની મહાન શક્તિ વિશે સમજાવે છે. તેઓ કહે છે,

> ભગવાન પ્રત્યે ભક્તિ એક ભાવના કરતાં ઘણી વધારે છે. તમારી ભક્તિથી ભગવાન તમારા માટે સજીવ થઈ જાય છે. તમારી ભક્તિથી તમારા આરાધ્યને તમે તમારા શરીરમાં, તમારા મનમાં, તમારા જીવનમાં આમંત્રિત પણ કરો છો. નિરાકાર એ આકાર લે છે, જેની સાથે તમે જોડાઈ શકો.[૪]

જ્યારે તમે તમારા ઇષ્ટની, તમારી આરાધ્ય મૂર્તિની તમારા અંતરમાં સ્થાપના કરો છો ત્યારે એક અંતર કીમિયાગરી થાય છે. આધ્યાત્મિક શક્તિ, કુંડલિની શક્તિ, તમારી અંદર વિકસિત થતી જાય છે અને તમે જેની પૂજા કરો છો તેના ગુણોને તમે તમારી અંદર ગ્રહણ કરવા લાગો છો. જ્યારે તમે દૃઢતાથી માનો છો કે તમારા અંતરમાં ભક્તિ પલ્લવિત થઈ રહી છે, ત્યારે તમે ભગવાન પ્રત્યે ગહન પ્રેમભાવને પોષિત કરો છો અને આ પ્રક્રિયામાં ભગવાન તમારા માટે સજીવ થઈ જાય છે.

## ભક્તિ માટે અભિકથન

**હું દૃઢતાથી માનું છું કે મારા હૃદય મંદિરમાં ભક્તિની શક્તિ વિદ્યમાન છે.**

(અભિકથન : એ કથન જેનું જાગરૂકતાથી વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે જેથી તે આપણી ચેતનામાં ફેલાઈ જાય.)

[1] *The Shorter Oxford English Dictionary,* પાંચમું સંસ્કરણ, (ઑક્સફર્ડ, ઇંગ્લેંડ : ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૦૨).

[2] ભક્તિસૂત્ર : ૨; વિલિયમ કે. મહોની, *Exquisite Love: Reflections on the spiritual life based on Narada's Bhakti Sutra* (ડેવિડસન, એન.સી. : સર્વભાવ પ્રેસ, ૨૦૧૪) પૃષ્ઠ ૩૭.

[3] જ્ઞાનેશ્વરી, ૧૩.૩૮૬-૮૭.

[4] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *The Yoga of Discipline* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૬) પૃષ્ઠ ૨૬.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.